ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની કચેરીમાં ડેટા એન્ટ્રી ઓપરેટરની કુલ ૦૪ નવી આઉટસોર્સ જગ્યાઓ ઉભી કરવા અંગેની રૂ. ૦.૦૯ કરોડની નવી બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2025/2757/A Section
સચિવાલય, ગાંધીનગર
તા: ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા</u>:-
(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૯/૦૩/૨૦૨૬ નો પત્રાંક: DDCW/NWI/e-file/225/2026/1119/M-Branch-Admin

<u>આમુખ</u>: -
વિચરતી અને વિમુક્ત જાતિ સમુદાયના ઈસમો માટે અમલીત વિવિધ યોજનાઓ ઉપરાંત તેઓના આર્થિક, શૈક્ષણિક અને સર્વાંગી વિકાસ માટે રાજ્ય કક્ષાએ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ નિગમની વિવિધ પ્રકારની યોજનાઓના અમલીકરણ અર્થે આઉટસોર્સથી ડેટા એન્ટ્રી ઓપરેટરની કુલ ૦૪ નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની રૂ.૦.૦૯ કરોડની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે, જેને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-
સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ ખાતે કુલ-૦૪ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ માસિક રૂ.૧૫૦૦૦/- (અન્ય ચાર્જીસ સિવાય) મહેનતાણાથી આઉટસોર્સથી મેળવવા માટે કુલ રૂ.૦.૦૯ કરોડની વર્ષ: ૨૦૨૬-૨૭ ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-
(૧) આ વહીવટી મંજુરી અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૬ પછી ખર્ચ કરવાનો રહેંશે.
(૨) લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછા ન હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.
(૩) નિયામકશ્રી(વિ.જા.ક) એ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
(૪) આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
(૫) આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
(૬) આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
(૭) નિયામકશ્રી(વિ.જા.ક)એ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
(૮) નિયામકશ્રી(વિ.જા.ક)એ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે

જોવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે. નિયામકશ્રી(વિ.જા.ક)એ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૯) માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે નિયામકશ્રી(વિ.જા.ક)એ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૧૦) મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૧૧) આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૧૨) આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૭) આ સેવાઓ વખતોવખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૦૩ (ત્રણ) માસ અગાઉ વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજિક સેવાઓ, સબ સેક્ટર -ગ અનુ.જાતિ/ અનુ. આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૮૦ સામાન્ય, ગૌણ સદર- ૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર- ૨૦ ડીએનટી - ૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની જોગવાઇઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૨૫/૦૩/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-
સમીર ગરાસિયા
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર )
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

*Signature Not Verified*

*Signed by: Samir Garasia*
*Section Officer*
*Date:2026.04.01*
*17:37:10 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*